**ફોજદારી પરચુરણ અરજી નં.૭૦૮/૨૦૨૩**

**આંક–૧ લગત હુકમ**

**(૧)** હાલની અરજી આ કામે ફરિયાદી દ્વારા આ કામના આરોપી વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ મુજબની ફરિયાદ દાખલ કરવામાં થયેલ ૮(આઠ) દિવસની ઢીલ માફ કરવા માટે થઇને કરવામાં આવેલ છે. ફરિયાદીની હાલની અરજીની વિગતો નીચે મુજબ છે.

> '૧. અમારા દ્વારા આ કામમાં આરોપીની સામે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબની વિગતવાર ફરિયાદ આજરોજ આ સાથે રજુ રાખેલ છે.
>
> ૨. અમો ફરિયાદીએ આ કામના આરોપીને તા.૨૮/૦૬/૨૦૨૩ ના રોજ નોટીસ કરેલ જે માંગણીની નોટીસ તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોય, અને **ત્યાર બાદ તા.૧૫/૦૮/૨૦૨૩ ના રોજ અમો બિમાર પડેલ હોય, અને આઇ ઇન્ફેક્શન થઇ ગયેલ હોય જેથી અમો નોકરી ઉપર આવેલા ન હોય,** જેથી આજરોજ ફરિયાદ અરજી દાખલ કરેલ છે અને તે કારણોસર જ આ કામના આરોપીની સામે ફરિયાદ દાખલ કરવામાં દિન–૮ (આઠ) ની ઢીલ થવા પામેલ છે. જેથી ઉપરોક્ત સંજોગોમાં લીમીટેશન એક્ટની કલમ – ૫ મુજબ ઢીલ માફ કરવાની અરજી કરેલ હોય, જે ઢીલ માફ કરી અમારી ફરિયાદ અરજી રજીસ્ટરે લેવાનો ન્યાયીક તેમજ ઘટીત હુકમ કરવા નમ્ર અરજ છે.'

**(૨)** અરજદારની અરજીની હકીકત વંચાણે લેતાં અરજદાર તરફે આ કામે ફરીયાદ રજુ કરવામાં દિન–૦૮ નો વિલંબ થયેલ હોવાની હકીકતનો સ્વીકાર કરવામાં આવેલ છે. અરજદાર તરફે વિલંબ માટેનું જે કારણ દર્શાવવામાં આવેલ છે તે ઘ્યાને લેતા તા.૧૫/૦૮/૨૦૨૩ ના રોજ અરજદાર બિમાર પડેલ હોય અને આઈ ઈન્ફેકશન થઈ ગયેલ હોય તેઓ નોકરી પર આવેલ ન હોવાથી આ કામની ફરીયાદ રજુ કરવામાં વિલંબ થયેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ

ફરીયાદ સાથે રજુ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં ફરીયાદી સંસ્થાના તા. ૧૬/૦૪/૨૦૧૮ ના રોજના ઠરાવ નંબર ૦૯ ના આધારે હાલની અરજીના અરજદારે ફરીયાદી બેંકના પ્રતિનીધી તરીકે ફરીયાદ રજુ કરેલ હોવાનુ જણાઈ છે અને સદરહુ ઠરાવમાં હાલની અરજીના અરજદાર શ્રી વલ્લભભાઈ હેમરાજભાઈ પટેલીયાનાઓને તથા તેમની ગેરહાજરીમાં શ્રી યોગેશ જી. રાઠોડને ફરીયાદી સંસ્થા વતી  તમામ પ્રકારની કાનુની કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવેલ હોવાનુ જણાય છે જે સંજોગોમાં હાલની અરજીના અરજદારની ગેરહાજરીમાં ફરીયાદી સંસ્થા વતી શ્રી યોગેશભાઈ જી. રાઠોડનાઓ આ કામની ફરીયાદ રજુ કરવા માટેની સત્તા ધરાવતા હોવાનું જણાય છે પરંતુ અરજદાર તરફે તે સંબંધે કોઈ સ્પષ્ટતા કે કોઈ ખુલાસો રજુ કરવામાં આવેલ નથી. આમ ઉપરોકત હકીકતોને ધ્યાને લેતાં આ કામે ફરીયાદ રજુ કરવા માટે થયેલ વિલંબ સંબંધે અરજદાર તરફે કોઈ યોગ્ય તથા વ્યાજબી કારણ જણાવવામાં આવેલ ન હોય અરજદારની હાલની અરજી મંજુર થવા પાત્ર ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

હાલની અરજીના અરજદાર તરફે આ કામની ફરીયાદ દાખલ કરવા માટે થયેલ વિલંબ દરગુજર કરવા માટેની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૩મી માહે માર્ચ ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(કે.આર.રાઠોડ)
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
પોરબંદર.
(કોડ નં.જી.જે.૦૧૧૨૯)